**<u>સાંબરકાંઠા ખાતે ના મજુર અદાલત ના કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશ્નર શ્રી.એસ.યુ.બાબર સમક્ષ,મુ હિંમતનગર</u>**

**કર્મચારી વળતર (ફેટલ) અરજી નં-૦૭-૨૦૧૮**

**આંક-૬૨**

**અરજદારો : લાલસીંહ રંગુસીંહ ઝાલા ગુજરતા વારસો**

(૧) રંગુસીંહ ઉદેસીંહ ઝાલા, ઉ.વ.આ.૫૨

(૨) બાલુબા રંગુસીંહ ઝાલા,ઉ.વ.આ.૫૧

(૩) કોકીલાબા લાલસીંહ ઝાલા, ઉ.વ.આ.-૩૧

(૪) સગીર રાહુલ લાલસીંહ ઝાલા ઉ.વ.આ.-૧૩

(૫) સગીર મેહુલસિંહ લાલસીંહ ઝાલા ઉ.વ.આ.૧૨ વર્ષ

તમામ રહે- કાનડા, તા-હિમતનગર, જી-સાબરકાંઠા

વિરૂધ્ધ

**સામાવાળા:** **૧)** **ગણપતભાઈ રૂપાલભાઈ ઓડ**

**(ગણપતભાઈ રૂમાલભાઈ ઓડ)-આંક-૫૭ ની પુરશીષ મુજબ**

રહે-મુ.પો.ઈલોલ, તા-હિંમતનગર

જી-સાબરકાંઠા

**૨)** **પ્રભાતભાઈ મણાભાઈ ઓડ**

રહે-મુ.પો.બુટાલ, તા-ધનસુરા

જી-અરવલ્લી

**૩)** **ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.**

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ની પાસે, સીવીલ સામે,

ક્રિષ્ણા કોમ્પ્લેક્ષ, હિમતનગર,જી-સાબરકાંઠા

અરજદારો તર્ફે- વિ.વ.શ્રી.ડી.ડી.પટેલ

સામાવાળા નં-૦૧,૦૨ તર્ફે- વિ.વ.શ્રી. એચ.એમ.તાજપુરીવાલા

સામાવાળા નં-૦૩ તર્ફે વિ.વ.શ્રી. કે.એમ.મોદી

---

**હુકમ**

૧. સદર અરજી આ કામ ના અરજદારો એ ગુજરનાર લાલસીંહ રંગુસીંહ ઝાલા નુ સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત મૃત્યુ થયેલ છે તેમ જણાવી તેના વળતર ની રકમ રૂા.૮,૦૬,૬૪૦/-(આઠ લાખ છ હજાર છસ્સો ચાલીસ પુરા) ૧૮ ટકા વ્યાજ , ખર્ચ અને પેન્લ્ટી સહિત સામાવાળા પાસે થી વસુલ અપાવવા દાદ માંગતી કર્મચારી વળતર ધારા-૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે.(જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવા માં આવશે) ની જોગવાઈઓ હેઠળ કરેલ છે.

૨. અરજદારો ના અરજી ની ટુંકમાં વિગત એવી છે કે, ગુજરનાર લાલસીંહ રંગુસીંહ ઝાલા સામાવાળા નં-૧ ના સ્વરાજ ટ્રેકટર નંબર જી.જે.૦૯.ઈ.૯૨૧ ચલાવી ઈંટવાડા તરફ આવતા હતા તે દરમ્યાન બપોર ના આશરે એક વાગ્યા થી સાડા ત્રણ વાવ્યા ના સમય દરમ્યાન ધાવણી નદી ના ટેકરા ઉપર ટ્રેકટર માંથી પડી ગયેલ અને તેમાં તેઓ નુ અવસાન થયેલ છે.અકસ્માત મૃત્યુ સમયે ગુજરનાર ૩૩ વર્ષ ના હતી અને સામાવાળા નં-૦૧ તર્ફે માસીક રૂા.૮૦૦૦/- નો પગાર ચુકવવા માં આવતો હતો. મર્હુમ લાલસીંહ રંગુસીંહ ઝાલા અને સામાવાળા નં-૦૧ વચ્ચે માલીક અને નોકર ના સબંધો હતા.અકસ્માત બાબતે હિમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશને ફસ્ટ ગુ.ર.નં.૩૧/૨૦૧૭ થી ગુન્હો નોંધાયેલ હતો.અરજદારો ધ્વારા સામાવાળા ને નોટીસ મોકલવા છતા તે અંગે નો સામાવાળા એ કોઇ જવાબ આપેલ નથી કે વળતર ની રકમ ચુકવી આપેલ નથી કે કોર્ટ માં જમા કરાવેલ નથી.જેથી માંગ્યા મુજબ ની દાદ અપાવવા અરજી માં જણાવેલુ છે.

૩. સદર કેસ દાખલ થયા બાદ સામાવાળાઓ ને આંક-૦૪ ની ધોરણસર ની નોટીસ કાઢવા માં આવેલ હતી અને તે નોટીસ અન્વયે સામાવાળા નં-૦૧ તથા ૦૨ તેમના વકીલશ્રી એચ.એમ.તાજપુરીવાલા મારફતે અત્રે ની અદાલત માં હાજર થયેલ અને આંક-૧૪ થી તેમનો જવાબ રજુ કરવા માં આવેલ છે.સદર જવાબ માં તેઓ એ જણાવેલ છે કે ગુજરનાર લાલસીંહ રંગુસીંહ ઝાલા વાહન નંબર-જી.જે.૦૯.ઈ.૯૨૧ ના ડ્રાઈવર હતા અને સામાવાળા નંબર-૧ વાહન ના વહીવટકર્તા હતા અને વાહન ના માલીક (સામાવાળા નંબર-૨) ના ઉપરોકત વાહન નો વહીવટ સામાવાળા નં-૧ નાઓ તેઓ ની સુચના પ્રમાણે કરતા હતા.વધુ માં જણાવેલ છે કે સામાવાળા નં-૦૨

પ્રભાતભાઈ મણાભાઈ ઓડ વાહન નંબર જી.જે.૦૯.ઇ.૯૨૧ ના રજીસ્ટ્રર્ડ ઓનર છે અને સામાવાળા નંબર-૦૩ પાસે થી ડ્રાઈવર ના જોખમ સહીત વીમાં પોલીસી ઉતરાવેલ હોય સંપુર્ણ વળતર ચુકવવાની જવાબદારી સામાવાળા નં-૦૩ ની છે.

૪. સદર કામે વીમા કંપની તેમના વકીલશ્રી કે.એમ.મોદી મારફતે હાજર થયેલ છે અને આંક-૨૪ થી પોતાનો જવાબ રજુ કરેલ છે જેમાં તેઓ એ અરજી અન્વ્યે ફકરાવાઈઝ ઈનકાર કરેલ છે અને તમામ પુરાવો યોગ્ય આધારે પુરવાર કરવાનો રહે છે તેમ જણાવેલ છે.વધુ માં સત્ય હકીકતે જણાવેલ છે કે ગુજરનાર ડ્રાઈવર ગણપતભાઈ ના કર્મચારી હતા અને તેનો પગાર પણ સામાવાળા ન-૧ તર્ફે આપવા માં આવતો હતો.

૫. અરજદારો તર્ફે નીચે મુજબ ના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવા માં આવેલા છે.

| **ક્રમ** | **મૌખીક પુરાવા ની વીગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | અરજદાર નં-૧ રંગુસીંહ ઉદેસીંહ ઝાલા ની સોગંદ ઉપર ની જુબાની | ૧૭ |

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવા ની વીગત** | **અસલ/નકલ** | **આંક** |
|---|---|---|---|
| ૦૧ | સામાવાળા નાઓ ને આપેલ નોટીસ ની સ્થળપ્રત | નકલ | ૨૬ |
| ૦૨ | રજી.પોસ્ટ એ.ડી. ની સફેદ પાવતી | અસલ | ૨૭ |
| ૦૩ | રજી.પોસ્ટ એ.ડી. ની સફેદ પાવતી | અસલ | ૨૮ |
| ૦૪ | રજી.પોસ્ટ એ.ડી. ની સફેદ પાવતી | અસલ | ૨૯ |
| ૦૫ | રજી.પોસ્ટ ની એકનોલેજમેન્ટ સ્લીપ | અસલ | ૩૦ |
| ૦૬ | રજી.પોસ્ટ ની એકનોલેજમેન્ટ સ્લીપ | અસલ | ૩૧ |
| ૦૭ | પોસ્ટ ના પત્ર ની ઓનલાઈન નકલ | નકલ | ૩૨ |
| ૦૮ | પી.એમ.રીપોર્ટ ની નકલ | નકલ | ૩૩ |
| ૦૯ | વાહન ના આર.સી.બુક ની નકલ | નકલ | ૩૪ |
| ૧૦ | ગુજરનાર ના ડ્રાઈવીંગ લાઈસન્સ ની નકલ | નકલ | ૩૫ |
| ૧૧ | વાહન ના વીમાં પોલીસી ની નકલ | નકલ | ૦૩/૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | સુચીપત્ર ની સર્ટીફાઇડ નકલ | નકલ | ૩૬ |
| ૧૩ | ફરીયાદ ની સર્ટીફાઇડ નકલ | નકલ | ૩૭ |
| ૧૪ | પંચનામા ની સર્ટીફાઇડ નકલ | નકલ | ૩૮ |
| ૫૫ | પંચનામા ની સર્ટીફાઇડ નકલ | નકલ | ૩૯ |
| ૧૬ | ઈન્કવેસ્ટ પંચનામા ની સર્ટીફાઇડ નકલ | નકલ | ૪૦ |
| ૧૭ | પી.એમ નોટ ની સર્ટીફાઇડ નકલ | નકલ | ૪૧ |
| ૧૮ | તપાસ ના રીપોર્ટ ની ખરી નકલ | નકલ | ૪૨ |

અરજદાર તર્ફે આંક-૪૩ થી કલોર્સીગ પુરશીષ આપી પોતાનો પુરાવો બંધ કરેલા નુ જાહેર કરેલ છે.

૬. સામાવાળા તર્ફે નીચે મુજબ ના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવા માં આવેલા છે.

| **ક્રમ** | **મૌખીક પુરાવા ની વીગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | સામાવાળા નં-૦૧ ગણપતભાઈ ઓડ ની સોગંદ ઉપર ની સરતપાસ | ૫૬ |
| ૦૨ | સામાવાળા નં-૦૨ પ્રભાતભાઈ મણાભાઈ ઓડ ની સોગંદઉપર ની સરતપાસ | ૫૮ |

| **ક્રમ** | **દસ્તાવેજ ની વીગત** | **અસલ/નકલ** | **આંક** |
|---|---|---|---|
| ૦૧ | ટ્રોલી નંબર જી.જે.૦૯.યુ.૬૮૪૪ ના પોલીસી ની નકલ | નકલ | ની-૧૯/૧ |
| ૦૨ | સામાવાળા નં-૦૧ ના આધાર કાર્ડ ની નકલ | નકલ | ૬૧/૧ |
| ૦૩ | સામાવાળા નં-૦૧ ના પાનકાર્ડ ની નકલ | નકલ | ૬૧/૨ |
| ૦૩ | સામાવાળા નં-૦૧ ના બેંક પાસબુક ની નકલ | નકલ | ૬૧/૩ |
| ૦૪ | સામાવાળા નં-૦૧ ના લાઈટબીલ ની નકલ | નકલ | ૬૧/૪ |

સામાવાળા નં-૧ તથા ૨ તર્ફે આંક-૫૯ થી કલોર્સીગ પુરશીષ રજુ કરવા માં આવેલ છે જયારે કે સામાવાળા નંબર-૩ તર્ફે આંક-૬૦ થી કલોર્સીગ પુરશીષ રજુ કરવા માં આવેલ છે.

૭. અરજદાર તર્ફે વિ.વ.શ્રી. ડી.ડી.પટેલ નાઓ તર્ફે દલીલ કરવા માં આવેલ છે કે ગુજરનાર અકસ્માત થનાર વાહન નો ડ્રાઈવર હતા, બન્ને પક્ષકારો ને નોટીસ આપેલ છે વહીવટદાર ની જવાબદાર પણ વાહન ના માલીકની છે. સામાવાળા નંબર-૧ મેનેજીંગ એજન્ટ હતો, સામાવાળા નંબર-૨ નાઓ એ કબુલ કરેલ છે કે તેમના સુચન થી ડ્રાઈવર કામગીરી કરતા હતા.સામાવાળા નં-૧ તથા ૨ તર્ફે શ્રી તાજપુરીવાલા ની દલીલ સાંભળવા માં આવેલ છે.

૦૮. સામાવાળા વીમા કંપની તર્ફે કે.એમ.મોદી ની દલીલો સાંભળવા માં આવેલ છે. વીમાં કંપની તર્ફે એવી દલીલો કરવા માં આવેલ છે કે વાહન સામાવાળા નંબર-૨ ની માલીકી નુ છે, અને અરજી જોતા તેમાં સામાવાળા નં-૧ પાસે કામ કરતા હોવાનુ જણાવેલ છે જેથી સામાવાળા નંબર-૨ અને ગુજરનાર વચ્ચે માલીક-નોકર ના સબંધ પુરવાર થતા ન હોય અરજી રદ કરવી જોઈએ.

૦૯. રેકર્ડ ધ્યાને લેતા અત્રે ની અદાલત ના ન્યાયીક નીર્ણય અર્થે મારા પુર્વગામી અધીકારીશ્રી એ આંક-૧૬ ના નીચે મુજબ ના મુદદા ઉપસ્થીત કરવા માં આવેલ છે.

## -:મૂદાઓ:-

૧) શુ અરજદારો સાબીત કરે છે કે તેઓ ગુજરનારના કાયદેસર ના આશ્રીતો છે ?

૨) શુ અરજદારો સાબીત કરે છે કે ગુજરનાર નુ અકસ્માત મૃત્યુ સામાવાળા નં-૧ અને ૨ ની નોકરી દરમ્યાન અને નોકરી ના કારણે થયેલુ છે ?

૩) શુ ઉમર તથા વેતન અકસ્માત સમયે ગુજરનાર ના હતા ?

૪) શુ અરજદારો સામાવાળા પાસે થી વળતર, વ્યાજ, અંતિમ ક્રિયા ના ખર્ચ અને અરજી ખર્ચ ની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે ? જો હા તો કેટલી ?

૫) શુ સામાવાળા પેનલ્ટી ચુકવવા જવાબદાર બને છે ? જો હા તો કોણે અને કેટલી ?

૬) વીમાં કંપની ની શુ જવાબદારી થાય છે ?

૭) શુ હુકમ ?

૧૦. ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧) હકાર માં

૨) હકાર માં

૩) ૩૩ વર્ષ , રૂા.૮૦૦૦/- માસિક વેતન

૪) અંશતઃ હકાર માં, આખરી હુકમ મુજબ.

૫) હકાર માં, આખરી હુકમ મુજબ

૬) આખરી હુકમ મુજબ

૭) આખરી હુકમ મુજબ.

૧૧. મારા નિર્ણય ના કારણો નીચે મુજબ છે.

**મુદદા નંબર ૦૧ :-**

૧૨. આ કામ નો પ્રથમ મુદદો જોવા માં આવે તો તે એવો છે કે અરજદારો અવસાન પામનાર ના આશ્રીતો છે કે કેમ ? અરજદારો ને જોવા માં આવે તો અરજદાર નંબર ૧ ગુજરનાર લાલસીંહ રંગુસીંહ ના પીતા થાય છે, જયારે કે નંબર-૨ તેઓ ના માતા થાય છે, અરજદાર નંબર-૩ ગુજરનાર ના પત્ની થાય છે, તેમજ અરજદાર નંબર-૪,૫ ગુજરનાર ના સંતાનો છે.આ બાબતે કામદાર વળતર ધારા ની કલમ ૨(૧)(ડી) ધ્યાને લેવા માં આવે તો તેમાં જણાવેલ આશ્રીતો ની વ્યાખ્યા ધ્યાને લેતા અરજદારો ગુજરનારો ના આશ્રીત થાય છે જેથી **મુદ્દા નંબર-૧ નો જવાબ ''હકાર''** માં આપવા માં આવે છે.

**મુદદા નંબર ૦૨ :-**

૧૩. સદર કામે મુદદા નંબર ૨ ની ચર્ચા સબંધે એ નોંધવુ જરૂરી છે કે પક્ષકારો વચ્ચે રહેલ તકરાર ને ધ્યાને લેતા ગુજરનાર ની નોકરી સામાવાળા સાથે કરતા હતા કે કેમ તે નકકી કરવાનુ રહે છે. જે બાબતે વીમાં કંપની ની એવી તકરાર છે કે

સદર કામે ગુજરનાર નાઓ એ નોટીસ તથા સોગંદનામા માં તેઓ સામાવાળા નંબર-૧ ને ત્યાં નોકરી કરતા હતા તેમ જણાવેલ છે જયારે કે અકસ્માત વાળા ટ્રેકટર ના માલીક સામાવાળા નંબર-૨ નાઓ છે. જેથી સામાવાળા નં-૨ અને ગુજરનાર વચ્ચે માલીક-નોકર ના સબંધ પુરવાર થતા નથી. આ સબંધે અરજદાર ની આંક-૧૭ ની ઉલટતપાસ ધ્યાને લેવી જરૂરી છે જેમાં તેઓ કબુલ કરે છે કે '' **એ વાત ખરી છે કે ટ્રેકટર મુળ પ્રભાતભાઈ મણાભાઈ ઓડ ના નામ નુ હતુ , તેનો વહીવટ ગણપતભાઈ કરતા હતા તે વાત ખરી છે'', ગણપતભાઈ પગાર ની રકમ પ્રભાતભાઈ ના કેહવા થી ચુકવતા હતા**. આ હકીકત ને ધ્યાને લેવા માં આવે તો ગુજરનાર પ્રભાતભાઈ નુ ટ્રેકટર ગણપતભાઈ ના કેહવા થી ચલાવતા હતા તેમ જણાઈ આવે છે.વધુ માં આંક-૫૬ તથા આંક-૫૮ થી રજુ કરવા માં આવેલ સામાવાળાઓ ની સરતપાસ અને ઉલટતપાસ ધ્યાને લેવા માં આવે તો પણ સામાવાળાઓ કબુલ કરે છે કે ગુજરનાર સામાવાળા ન-૨ ની માલીકી નુ ટ્રેકટર સામાવાળા નં-૦૧ ની સુચના અન્વ્યે ચલાવતા હતા. આમ જયારે સામાવાળા જ કબુલ કરતા હોય કે ગુજરનાર ડ્રાઈવર તેઓ ની સુચના થી ટ્રેકટર ચલાવતા હતા ત્યારે આ સંજોગો માં અરજદારો એ ગુજરનાર સામાવાળા નં-૧ તથા ૨ ની નોકરી દરમ્યાન અને નોકરી ના કારણે અવસાન થયેલા નુ પુરવાર કરે છે તેમ અત્રે ની અદાલત નુ માનવુ છે.

૧૩.૧ વધુ માં સામાવાળા તર્ફે રજુ રાખેલ આંક-૧૪ નો જવાબ જોવા માં આવે તો તેમાં પણ ગુજરનાર વાહન નંબર-જી.જે.૦૯.ઈ.૯૨૧ ના ડ્રાઈવર હતા તે વીગત કબુલ કરેલ છે,ત્યારે હાલ ના તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટ નો **chiman surakhiya vasava v/s Ahmed musa ustad(1986)2 GLR 1083** વંચાણે લેતા તેના પેરા નંબર-૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા જણાવવા માં આવેલ છે કે " Therefore it is obvious that the Commissioner is notbound to follow the procedure prescribed for trial of cases in civil courts not is he bound bystrict rules of evidence. As provided under Sec. 10-A of the Act he can even act on information received by him from any source regarding fatal accident and call upon the employer to explain as to under what circumstance death had occurred. He can also ask forthe explanation of the employer whether he

is or is not liable to deposit the compensation on account of the death. This provision indicates that he can even act suo motu. in our country where most of the labour population suffers from the curse of illiteracy and poverty and is incapable of entering into legal fight with the employer it is rather his (Commissioners) duty to remain alert and Vigilant. Wherever necessary with a view to see that the provisions ofthe Act are strictly enforced he must act suo motu. With a view to simplify the procedure the nature of application to be made and the details to be given in the application for compensation are mentioned in Sec. 22 of the Act. This provision clearly indicates that the rules of pleadings embodied in the Civil Procedure Code are not to be applied to the proceedings before the Commissioner."

વધુ માં જયારે અકસ્માત વાળુ વાહન એટલે કે વાહન નંબર- જી.જે.૦૯.ઈ.૯૨૧ સામાવાળા ઓડ પ્રભાતભાઈ મણાભાઈ ની માલીકી નુ હોવાનુ આંક-૩૪ ના આર.સી.બુક પર થી ફલીત થાય છે.વધુ માં પંચનામા તથા એફ.આઈ.આર જોતા પણ બનાવ ના દીવસે ગુજરનાર લાલસીંહ રંગુસીંહ સામાવાળા નં-૦૨ ની માલીકી નુ ટ્રેકટર ચલાવતા હતા તે ફલીત થાય છે.અને સામાવાળા નં-૦૨ ની આંક-૫૮ ની જુબાની જોતા પણ તેઓ ની સુચના થી સામાવાળા નં-૦૧ કામ કરાવતા હતા તેમ જણાવેલ છે.રજુ થયેલ પક્ષકારો ના પુરાવા પર થી તથા ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મર્હુમ લાલસીંહ રંગુસીંહ સાથે તા.૨૬/૩/૨૦૧૭ ના રોજ જે અકસ્માત થયેલ ત્યારે તે સામાવાળાઓ ના કામદાર તરીકે કામ કરતા હોય અને તેની ફરજ ના ભાગરૂપે ની કામગીરી કરતા સમયે તેની સાથે અકસ્માત બનેલ હોય અને તે મરણ ગયેલ હોય ગુજરનાર અને સામાવાળા નં-૦૧ તથા ૦૨ વચ્ચે કામદાર અને માલીક ના સબંધો હોવાનુ અમારુ નમ્રપણે માનવુ છે.

૧૩.૨ નામદાર વડી અદાલત માં **કે.સીવારામન વીરૂધ્ધ વી.પી.સથીશકુમાર** એ.આઈ.આર ઓનલાઈન ૨૦૨૦ એસ.સી.૨૨૧ માં નયાયમુર્તી શ્રી ડો.ડી.વાય.ચંદ્રચુડ નાઓ એ અવલોકાન કરેલ છે કે,

"25.The 1923 Act is a social beneficial legislation and its provisions and amendments thereto must be interpreted in a manner so as to not deprive the employees of the benefit of the legislation.The object of enacting the Act was to ameliorate the hardship of economically poor emloyees who were exposed to risks in work, or occupational hazards by providing a cheaper and quicker machinery for compensating them with pecuniary benefits. The amendments to the 1923 Act have been enacted to further this salient purpose by either streamlining the compensation process or enhancing the amount of compensation payable to the employee.''

વધુ માં નામદાર સુપ્રીમ કોર્ટ નાઓ એ **Appeal (civil) 2943 of 2008 માં Om Parkash Batish vs Ranjit @ Ranbir Kaur And Others (2008)12 SCC 212** માં ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સીવીલ પ્રોસીજર કોડ તથા એવીડન્સ એકટ ની જોગવાઈ ચુસ્તપણે લાગુ પડતી નથી તે સબંધે અવલોકાન કરેલ છે જે ધ્યાને લેવુ જરૂરી બને છે જેનો સંબંધીત પેરા નીચે મુજબ છે.

16. In a proceeding initiated under the Act the provisions of the code of civil procedure or of the Evidence Act are not applicable. The Commissioner could lay down his own procedures. He could, for the purpose of arriving at the truth, rely upon such documents which were produced before it.

ઉપરોકત ચુકાદા વંચાણે લેતા તથા ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા પણ મુદ્દા નંબર-૨ નો જવાબ **''હકાર''** માં આપવા મા આવે છે.

**મુદદા નંબર ૦૩ :-**

૧૪. ત્રીજો મુદ્દો ગુજરનાર ની ઉમર તથા આવક બાબતે નો છે આ કામે અરજદાર ની જુબાની માં ગુજરનાર ની ઉમર ૩૩ વર્ષ જણાવેલ છે તેમજ ડ્રાઈવીંગ લાઈસન્સ માં પણ ઉમર ૩૩ વર્ષ જણાવેલ છે.જયારે કે રેકર્ડ જોવા માં આવે તો અરજદારે આંક-૩૫ થી ડ્રાઈવીંગ લાઈસન્સ પણ રજુ કરવા માં આવેલ છે.ઉમર બાબતે પક્ષકારો એ તકરાર લીધેલ નથી, આમ ઉપરોકત ચુકાદા અને ચર્ચા વંચાણે લેતા અરજદારે રજુ રાખેલ ડ્રાઈવીંગ લાઈસન્સ ને નહી માનવા ન્યાયોચીત જણાતુ નથી.મરણજનાર સાથે

અકસ્માત તા.૨૬/૩/૨૦૧૭ ના રોજ થયેલ હોય જે લક્ષ માં લઇ સદર કામે રજુ થયેલ ડ્રાઈવીંગ લાઈસન્સ ના આધારે વળતર ની ગણત્રી કરવા માટે **ગુજરનાર ની ઉમર ૩૩ વર્ષ** ની ઉમર લક્ષ માં લેવા નુ ઠરાવવા માં આવે છે.

૧૪.૧ અરજદારે તેઓ ની અરજી તથા ની સોગંદનામા માં અરજદાર ને આવક માસીક રૂા.૮૦૦૦/- ગણવા મા આવેલ છે જે આવક બાબતે સામાવાળા તર્ફે તકરાર ઉપસ્થીત કરવા માં આવેલ નથી.અરજદાર ની ઉલટતપાસ માં સાહેદ કબુલ કરે છે કે "રૂા.૮૦૦૦/- પગાર ચુકવવા માં આવતો હતો તે બાબતે નો મે કોઈ દસ્તાવેજી આધાર રજુ કરેલ નથી તે વાત ખરી છે". સામાવાળાઓ ધ્વારા અરજદાર ધ્વારા સોગંદ ઉપર જણાવેલ હકીકત થી વીરૂધ્ધ ની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ હોય કે વીરૂધ્ધ નો કોઇ પુરાવો રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઇ આવતુ નથી. સામાવાળાઓ ધ્વારા પગાર બાબતે નો કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરવા માં આવેલ નથી. આમ ઉપરોકત હકીકત અને મુદ્દા નંબર-૨ અન્વ્યે કરેલ ચર્ચા મુજબ અરજદારે તેમના પુત્ર અને સામાવાળાઓ વચ્ચે માલીક અને નોકર હોવા ના સબંધ માનવા માં આવેલ છે ત્યારે હવે આવક બાબતે નો ન્યાય નીર્ણય કરવાનો છે.તેમજ હાલ ના તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટ નો New India Assurance Co.Ltd. V/S Aminaben Bhikhubhai & 6 Others (R/First Appeal No. 3365 of 2007) ચુકાદા ના પેરા છ વંચાણે લઈએ તો-

6. So far as issue of considering the income of Rs.3,000/- of the deceased is concerned, it is true that no document showing income of the deceased was produced before the learned Commissioner that the deceased was earning Rs.4,000/- per month. The affidavit was produced by the opponent no.1 vide Exh.37 wherein relationship as driver of the opponent no.1 was accepted but there was no disclosure of his income paid by the opponent no.1. As per averments of the claimants, the deceased was earning Rs.4,000/- per month as he was serving as driver with the opponent no.1. Income considered by the tribunal as Rs.3,000/- per month in the year of 2006 cannot be treated as excessive income. In absence of any proof of income.

Learned Commissioner has rightly considered the income of the deceased. In such type of case under the Workmen's Compensation Act, it would not be expected from the claimants to produce the documentary evidence of the income of the deceased/injured. Reasonable income would require to be considered by the learned Commissioner which in this case, has rightly assessed by the learned Commissioner.

The claimants would naturally not in a position to secure the document from the owner of the motor vehicle rickshaw, bearing registration no. GJ-1-XX-3124, to prove the income of the deceased, and therefore, in such type of case, it would not be desirable to ask the claimants to produce such documents. In absence of proof of document, learned Commissioner has rightly relief upon the statement on oath of the application no.1-wife of the deceased.

ઉપરોકત ચુકાદો તેમજ ઉપરોકત તમામ હકીકતો લક્ષ માં લેતા અરજદાર નં-૦૧ ની સામાવાળા નં-૧ તથા ૨ તર્ફે પગાર સંદર્ભે ના પુરાવા રજુ કરેલ ન હોવા સંદર્ભે કરેલ ઉલટતપાસ માં લીધેલ તકરાર તથા કરેલ દલીલ ગ્રાહય રાખવી ન્યાયોચીત ગણાતી નથી.વધુ માં બનાવ સને ૨૦૧૭ માં બનેલ છે અને તે સમયે કર્મચારી વળતર અધીનીયમ,૧૯૨૩ માં જણાવેલ મહત્તમ પગાર તથા મરણજનાર નો અરજદારે જણાવેલ પગાર સરખો હોવાનુ જણાઇ આવતુ હોય જે લક્ષ માં લેતા મરણ જનાર નો પગાર રૂા.૮,૦૦૦/-(રૂપીયા આઠ હજાર પુરા) લક્ષ માં લેવો ન્યાયોચીત જણાઇ આવતુ હોય , સદર કામે ગુજરનાર ની વળતર ની ગણત્રી માટે માસીક **પગાર રૂપીયા ૮,૦૦૦/-(અંકે રૂપીયા આઠ હજાર પુરા)** હોવાનુ ઠરાવવા માં આવે છે અને તે રીતે મુદૃા નંબર-૩ નો જવાબ આપવા માં આવે છે.

**<u>મુદદા નંબર ૦૪ :-</u>**

૧૫. આ કામે સામાવાળા ની નોકરી દરમ્યાન અને નોકરી ના કારણે મરણ જનાર ને અકસ્માત થતા તે મરણ ગયેલ હોય સામાવાળા વળતર ની રકમ ચુકવી આપવા માટે જવાબદાર બને છે.સદર કામે ગુજરનાર ની ઉમર અકસ્માત સમયે ૩૩ વર્ષ ગણતા

કાયદા ના શીડયુલ-૦૪ માં ગણતા ૩૩ વર્ષ ની સામે દર્શાવેલ સંબંધીત ગુણાંક ૨૦૧.૬૬ ના ફેકટર પ્રમાણે નીચે મુજબ ગણત્રી કરવા માં આવે છે.

**<u>વળતર ની ગણત્રી</u>**

ગુજરનાર નો પગાર રૂા.૮૦૦૦/-(અંકે રૂપીયા આઠ હજાર લેખે) તેમજ ઉમર ૩૩ વર્ષ ગણતા...

= રૂા.૮૦૦૦/- ના માસીક આવક ના ૫૦ % x 201.66 પ્રમાણે

= રૂા.૪૦૦૦/- x 201.66

= રૂા.**૮,૦૬,૬૪૦/-(આઠ લાખ છ હજાર છસ્સો ચાલીસ પુરા)** અકસ્માત મૃત્યુ વળતર મળવાપાત્ર છે જે સામાવાળા નં-૦૧ તથા ૦૨ નાઓ અરજદારો ને વળતર ચુકવી આપવા જવાબદાર બને છે.

૧૫.૧ સદર કામે ,અરજદાર નો પુરાવો ધ્યાને લેતા સામાવાળા ને ગુજરનાર ના અકસ્માત મૃત્યુ ની જાણકારી હોવા છતા તેઓ એ વળતર પેટે કોઈ રકમ અકસ્માત મૃત્યુ ના એક માસ માં અરજદાર ને ચુકવી આપેલ નથી કે તેમના માનવા મુજબ ચુકવવાપાત્ર થતી વળતર ની રકમ કમિશ્નર સમક્ષ જમા કરાવેલ નથી.આમ ઉપરોકત હકીકતો લક્ષમાં લેતા કાયદા ની કલમ ૪-(૩)(એ) અન્વ્યે સામાવાળા નં-૦૧ તથા ૦૨ નાઓ વળતર ની રકમ પર અકસ્માત મૃત્યુ તારીખ ના ૩૦ દીવસ બાદ થી એ ટલે કે તા.૨૬/૦૪/૨૦૧૭ થી વસુલ થતા સુધી ના સમયગાળા નું **૧૨ % લેખે સાદુ વ્યાજ** અરજદારો ને ચુકવી આપવા માટે જવાબદાર બને છે.

૧૫.૨. સામાવાળાઓ દવારા વળતર ની કોઈ રકમ ન ચુકવી આપવાના કારણે અરજદારો ને આ અરજી કરવી પડેલ હોય અરજી ના ખર્ચ પેટે **રૂા.૩૦૦૦/-(અંકે રૂપીયા ત્રણ હજાર પુરા)** અરજદારો ને ચુકવી આપવા માટે સામાવાળાઓ ને જવાબદાર ઠરાવવા માં આવે છે.

૧૫.૩. કાયદા ની કલમ ૪(૪) માં જણાવ્યા મુજબ ગુજરનાર ને અંતીમ ક્રિયા ના ખર્ચ ની રકમ સામાવાળા એ અરજદારો ને ચુકવી આપેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ ન હોય,તેમજ કર્મચારી વળતર ધારો બેનીફીશ્યરી લેજીસ્લેશન છે, અંતીમ ક્રિયા ના ખર્ચ ની રકમ **રૂા.૫૦૦૦/-(અંકે રૂપીયા પાંચ હજાર પુરા)** પણ સામાવાળાઓ અરજદારો ને ચુકવી આપવા માટે જવાબદાર બને છે. **આમ અંતીમ ક્રીયા તથા અરજી ખર્ચ ની**

**રકમ અરજદારો ને અલગ થી ચુકવી આપવા સામાવાળા નં-૧ થી ૦૩ ને સંયુકત અને વીભકત રીતે જવાબદાર ઠરાવવા માં આવે છે.**

**<u>મુદ્દા નંબર ૦૫ :-</u>**

૧૬ હાલ ના કેસ માં સામાવાળા પ્રથમ થી જ અકસ્માત થી માહીતગાર હોય તેમજ સામાવાળા નાઓ એ વળતર ની રકમ ન ચુકવી આપવા માટે કોઈ જ વ્યાજબી કારણ આ કામે જણાવેલ નથી તેમજ સદર કામે અરજદાર તર્ફે સામાવાળા ને નોટીસ આપેલ છે જે નોટીસ સામાવાળા ને બજી ગયેલ હોવા છતા નીયત સમય માં વળતર ચુકવવા માં આવેલ ન હોય ,સામાવાળા ને અકસ્માત સબંધે પ્રથમ થી જ જાણ હોવાની હકીકત જણાઇ આવે છે, કાયદા અન્વ્યે વળતર ચુકવી આપવાની પ્રાથમીક જવાબદારી માલીક ની બને છે. હાલ ના કેસ માં સામાવાળા નંબર-૦૧ નાઓ એ સામાવાળા નંબર-૨ ના નોકર હોય કે મેનેજીંગ એજન્ટ હોય તેવો કોઇ પુરાવો આપેલ નથી તે હકીકત ધ્યાને લેવી જરૂરી બને છે.જો માલીકે વીમો લીધેલ હોય તો પણ વીમા કરાર ની શરતો ને આધીન ચુકવેલ વળતર ની ક્ષતીપૂર્તી વીમા કંપની પાસે થી માલીક મેળવી શકે છે, જો નીયત સમય માં વળતર ચુકવી આપવા માં ન આવે તો કાયદા માં મુકવા માં આવેલ ૩૦ દિવસ ની સમય મર્યાદા નો કોઈ અર્થ રહે નહી, અને શ્રમયોગી ને અકસ્માત ઈજા ના કારણે આવેલ કાયમી ખોડ ના કીસ્સા માં કે તેના મૃત્યુ ના કીસ્સા માં તેના આશ્રીતો ના માથે આવી પડેલ આર્થીક આપત્તી માં તાત્કાલીક આર્થીક સહાય મળી રહે તે નકકી કરવાનો કાયદા નો હેતુ માર્યો જાય અને નીસહાય કામદારો ને કે તેના આશ્રીતો ને વળતર ની રકમ માટે રાહ જોઇ બેસી રેહવુ પડે તથા દર દર ભટકવુ પડે. આમ રજુ કેસ નુ રેકર્ડ ધ્યાને લેતા સામાવાળા **નં-૦૧ તથા નં-૦૨** ને વળતર ની રકમ **રૂા.૮,૦૬,૬૪૦/-(આઠ લાખ છ હજાર છસ્સો ચાલીસ)** ના **૨૫ ટકા રકમ રૂા.૨,૦૧,૬૬૦/-(બે લાખ એક હજાર છસ્સો સાઈઠ) પેન્લ્ટી** તરીકે આ કામ ના અરજદારો ને કાયદા ની કલમ ૪-એ(૩)(બી) મુજબ ચુકવી આપવા હુકમ કરવો વ્યાજબી જણાય છે.

**<u>મુદદા નંબર ૦૬ :-</u>**

૧૭. બનાવ સમયે ગુજરનાર લાલસીંહ રંગુસીંહ ટ્રેકટર નંબર- જી.જે.૦૯.ઈ.૯૨૧ ના ચાલક હોવાનુ જણાઇ આવે છે અને સદર ટ્રેકટર સામાવાળા સામાવાળા નંબર-૨ ની માલીકી નુ તેમજ સામાવાળા નંબર-૧ ની સુચના થી ચલાવતા હોવાનુ જણાઇ આવે

છે.અરજદાર તર્ફે આંક-૩૪ થી ટ્રેક્ટર ની આર.સી.બુક ની નકલ તેમજ ની-૩/૧૧ થી વીમાં પોલીસી રજુ કરવા માં આવેલ છે. આ પોલીસી ધ્યાને લેતા વીમો સામાવાળા નંબર-૩ પાસે થી લીધેલો જણાઇ આવે છે અને તે પોલીસી અકસ્માત ના બનાવ સમયે ચાલુ હોવાનુ જણાઇ આવે છે અને તે પોલીસી સામાવાળા નં-૩ નાઓ એ ઈસ્યુ કરેલ નથી તેવી કોઈ તકરાર વીમાં કંપની એ લીધેલ હોય કે તેના થી વીરૂધ્ધ ની કોઈ હકીકત કે પુરાવો રેકર્ડ ઉપર લાવેલ હોવાનુ જણાઇ આવતુ નથી.વધુ માં પોલીસી એમ.વી.એકટ ની હોય તેમજ હાલ ના તબકકે નામદાર સુપ્રીમ કોર્ટ નો Ved Prakash Garg V/s. Premi Devi and Others..(1997) 8 SCC 1) નો ચુકાદો ધ્યાને લેતા તેમાં ઠરાવ્યા મુજબ માલીક ની બેદરકારી થી ઉપસ્થીત થતી પેન્લટી ની રકમ ની ક્ષતીપુર્તી કરી આપવા વીમાં કંપની ની જવાબદારી થતી નથી, પરંતુ **સામાવાળા નંબર-૧ તથા ૦૨** ની **વળતર ની રકમ તથા તેના ઉપર ના વ્યાજ ની રકમ** ની જવાબદારી ની ક્ષતીપુર્તી કરી આપવાની જવાબદારી **વીમાં કંપની (સામાવાળા નં-૦૩)** ની થતી હોવાનુ અત્રે ની અદાલત નુ નમ્રપણે માનવુ છે.

૧૮. જેથી કેસ નુ રેકર્ડ, કાયદા નો હેતુ, પરીસ્થીતી અને પક્ષકારો તર્ફે રજુ કરવા માં આવેલ પુરાવો લક્ષ માં લેતા **મુદ્દા નંબર -૦૭** અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

## -:: આખરી હુકમ ::-

- અરજદારો ની અરજી ''**અંશતઃ મંજુર**'' કરવા માં આવે છે.
- આથી આ કામ ના સામાવાળા નં-૦૧ થી ૦૩ ને આ કામ ના અરજદારો ને ગુજરનાર લાલસીંહ રંગુસીંહ ઝાલા ના અકસ્માત મૃત્યુ ના વળતર ની રકમ **રૂા.૮,૦૬,૬૪૦/-(અંકે રૂપીયા આઠ લાખ છ હજાર છસ્સો ચાલીસ પુરા)** તથા વળતર ની રકમ ઉપર તા.૨૬/૪/૨૦૧૭ થી વસુલ થતા સુધી ના સમયગાળા નુ ૧૨ ટકા લેખે સાદુ વ્યાજ તથા અરજી ખર્ચ ની રકમ **રૂા.૩૦૦૦/-(અંકે રૂપીયા ત્રણ હજાર પુરા )** તથા, અંતીમ ક્રિયા ના ખર્ચ ની રકમ **રૂા.૫૦૦૦/-(પાંચ હજાર પુરા)** સહીત ચુકવી આપવા માટે સંયુકત અને વીભકત રીતે જવાબદાર ઠરાવવા માં આવે છે.

- આથી આ કામ ના સામાવાળા નં-૦૧ તથા ૦૨ ને વળતર ની રકમ ના ૨૫ ટકા એટલે કે **રૂા.૨,૦૧,૬૬૦/-(બે લાખ એક હજાર છસ્સો સાઈઠ)** પેન્લ્ટી તરીકે આ કામ ના અરજદારો ને ચુકવી આપવા સંયુકત અને વીભ્કત રીતે જવાબદાર ઠરાવવા માં આવે છે.

- આથી આ કામના સામાવાળાઓ ને હુકમ કરવા માં આવે છે કે, આ હુકમ ની જાણ થયા ના દિન-૩૦ માં તેઓ એ અરજદારો ને ચુકવવાપાત્ર થતી વળતર, વ્યાજ ,પેન્લ્ટી, અંતીમક્રીયા ના ખર્ચ અને અરજી ખર્ચ રકમ અત્રે ની કચેરી માં જમા કરાવવી.

- અત્રે ની કચેરી ધ્વારા સંબંધીત પક્ષકારો ને સદરહુ હુકમ ની નકલ આપવા/જાણ કરવા નીયમઅનુસાર ની ત્વરીત કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તા.૦૭/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૪/૨૦૨૬<br>
સ્થળ- હીંમતનગર

(એસ.યુ.બાબર)<br>
કમીશ્નર<br>
કર્મચારી વળતર અધીનીયમ<br>
મજુર અદાલત<br>
હીંમતનગર<br>
(જી.જે.૦૧૧૭૮)